For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

20 કિમીની સ્પીડે દોડશે ટ્રેનો, વંદે ભારત-રાજધાની-શતાબ્દી સુરતમાં જ રોકાશે

સુરત સ્ટેશન પર 80 દિવસનો સૌથી મોટો બ્લોક

પ્લેટફોર્મ-1 બંધ રહેશે, 89 ટ્રેનો ઉધના, 50 ઉત્રાણ શિફ્ટ થશે

MMTH પ્રોજેક્ટ હેઠળ કોન્કોર્સ લેવલનું કામ થશે



સુરતઃ સુરત રેલવે સ્ટેશનના પુનર્વિકાસ અને મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ (MMTH) પ્રોજેક્ટ હેઠળ હવે પ્લેટફોર્મ નંબર-1 પર મોટું બાંધકામ શરૂ થવાનું છે. આ માટે પશ્ચિમ રેલવેએ પ્લેટફોર્મ-1 પર 80 દિવસનો ટ્રાફિક એન્ડ પાવર બ્લોક લેવાની તૈયારી કરી છે. આ સુરત સ્ટેશનના ઈતિહાસનો અત્યાર સુધીનો સૌથી મોટો બ્લોક હશે. આ સમયગાળા દરમિયાન પ્લેટફોર્મ-1

...અનુસંધાન પાના 9 પર

પ્રીમિયમ ટ્રેનો સુરતમાં જ રોકાશે

મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર વંદે ભારત, મુંબઈ-અમદાવાદ શતાબ્દી, મુંબઈ-અમદાવાદ વંદે ભારત, મુંબઈ-નવી દિલ્હી તેજસ રાજધાની, ઓગસ્ટ ક્રાંતિ તેજસ અને ડબલ ડેકર એક્સપ્રેસ સહિતની પ્રીમિયમ ટ્રેનો સુરતમાં જ પ્લેટફોર્મ-2 પર રોકાશે. ઉધના અને ઉત્રાણ પર શિફ્ટ થનારી ટ્રેનોમાં અવંતિકા, ગરીબ નવાઝ, દુરંતો, હમસફર, લોકશક્તિ, સૌરાષ્ટ્ર મેલ, ગુજરાત ક્વીન, અંત્યોદય સહિતની અનેક લાંબા અંતરની ટ્રેનોનો સમાવેશ થાય છે. મુસાફરોને મુસાફરી પહેલા પોતાની ટ્રેનનો સ્ટોપેજ ચકાસી લેવા રેલવેએ અપીલ કરી છે.

ટ્રેનો પર અસર

સમગ્ર 80 દિવસ સુધી લાઇન નંબર-1 પર 20 કિમી પ્રતિ કલાકની ઝડપ મર્યાદા રહેશે. 11માથી 25મા દિવસ સુધી દરરોજ 6 કલાક અને 63માથી 75મા દિવસ સુધી અઠી કલાકનો ટ્રાફિક અને પાવર

...અનુસંધાન પાના 9 પર

ત્રણ તબક્કામાં થશે કામ

પ્લેટફોર્મ-1 પર કોન્કોર્સના ફાઉન્ડેશન, સ્ટ્રક્ચરલ વર્ક અને કોન્કોર્સની બીમ-કોલમ લોન્ચિંગનું કામ થશે. તેના દ્વારા સ્ટેશનના કોન્કોર્સ લેવલને પ્લેટફોર્મ-1 સુધી લાવવામાં આવશે.

પહેલા 10 દિવસમાંઃ પ્લેટફોર્મ-1ના સ્ટોલ, દુકાનો, જાહેરાત હોર્ડિંગ, વીજ ઉપકરણો, બારી-બારણા અને અન્ય સુવિધાઓ હટાવીને OHE ફાઉન્ડેશનની તૈયારી કરાશે.

11માથી 25મા દિવસ સુધીઃ પ્લેટફોર્મ-1ની બેરીકેડિંગ કરીને હાલનું પ્લેટફોર્મ, છત, શેડ, દુકાનો અને પાણી પુરવઠાના સ્ટ્રક્ચર હટાવાશે. ત્યારબાદ ખોદકામ, માટીની સુરક્ષા, રેતી ભરાઈ, PCC, RCC ફાઉન્ડેશન, કોલમ, લિફ્ટ પિટ અને ભૂગર્ભ સેવાઓનું નિર્માણ થશે.

26માથી 62મા દિવસ સુધીઃ બાકીનું સિવિલ અને સ્ટ્રક્ચરલ કામ તથા કોન્કોર્સની બીમ-કોલમ લોન્ચિંગ થશે. અંતિમ તબક્કામાં પ્લેટફોર્મની પુનઃસ્થાપના, કોચ ડિસ્પ્લે સ્ક્રીન અને પબ્લિક અનાઉન્સમેન્ટ સિસ્ટમ સહિતની અન્ય સુવિધાઓનું કામ થશે.

ઇંગ્લેન્ડ સામેની અંડર-19 મહિલા T20 માટે

સુરતની આખ્સાહ પરમાર અને નવસારીની મૈત્રી મણિયારની પસંદગી

સુરતની ગૌરી ગોયલ બાદ ભારતીય ટીમમાં સ્થાન મેળવનારી SDCAની બીજી ખેલાડી બની





સુરતઃ 26 નવેમ્બરથી 6 ડિસેમ્બર-2026 દરમિયાન વડોદરા અને સુરતમાં રમાનારી ઇંગ્લેન્ડ વિરુદ્ધ ભારતની પાંચ T20 ઇન્ટરનેશનલ મેચ માટેની ભારતીય ટીમમાં ઘી સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ ટીમ (SDCA) વતી રમતી આખ્સાહ સોરેન્સ પરમારની પસંદગી થઈ છે. 26 અને 28 નવેમ્બરના રોજ વડોદરામાં અને 1, 3 અને 6 દિવસ ડિસેમ્બરના રોજ સુરતના લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે આ મેચો રમાશે. સુરતની ગૌરી ગોયલ બાદ ભારતીય ટીમમાં સ્થાન મેળવનારી આખ્સાહ (ACHSAH) સોરેન્સ પરમાર SDCAની બીજી ખેલાડી બની છે. ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં લાલભાઈ સ્ટેડિયમમાં ઇંગ્લેન્ડ સામે રમતી જોવા મળશે. ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં

...અનુસંધાન પાના 9 પર

વાપીમાં હેરી ઢિલ્લો ગેંગના આરોપીને પોલીસે પગમાં ગોળી મારી





વાપીમાં હોસ્પિટલથી પાછા ફરતી વખતે જીપના ડ્રાઇવરને ભીંસમાં લઇ ભાગવાનો પ્રયાસ કર્યો હતો

વાપીના જ્વેલર્સ પાસે ખંડણી માંગી હુમલો કરવાના કેસમાં પોલીસે પકડ્યો છે

વાપી : વાપીમાં પંજાબના ખંડણીના ત્રણ આરોપીઓને હોસ્પિટલમાં મેડીકલ ચેકઅપ માટે લઈને પરત ફરતી વખતે એક આરોપીએ ભાગવા માટે પોલીસ ટીમ પર હુમલો કરતા એસઓજીના પીઆઈ પરમારે

...અનુસંધાન પાના 9 પર

ઇન્સ્પેક્ટર પરમારે ફાયરિંગ કરતા ડ્રાઇવરનો જીવ બચી શક્યો



વાપીમાં રવિવારે બનેલી ઘટનાએ ફરી લોકોની ચિંતા વધારી દીધી છે. વાપી અભિષેક જવેલર્સના લલિત જૈન ઉપર કોયતા જેવા હથિયારથી હુમલો કરીને પાંચ કરોડ ખંડણી માટે જે આરોપીએ વિડિયો બનાવીને દુબઈની જેલમાં હેરી ઢીલ્લોનને મોકલી આપ્યો હતો. એ જુગરાજ સિંગે જ રવિવારે પોલીસ જાપ્તામાંથી ભાગી છૂટવા માટે પ્રયાસ કર્યો હતો. જોકે એસઓજી પીઆઈ

...અનુસંધાન પાના 9 પર

રોહિત ગોદારા ગેંગ હજી ફરિયાદીને ડરાવતી હોવાની ચર્ચા

વાપીના અભિષેક જવેલર્સના સંચાલક પ્રદીપ જૈન ઉપર દુબઈની જેલમાંથી હેરી ઢીલ્લોનનો રોહિત ગોદારા ગેંગ વતી પાંચ કરોડની ખંડણી માટે વોટ્સએપ ઉપર વોઇસ મેસેજ આવ્યો હતો. જોકે ચપ્પુથી હુમલો કરવાના બનાવમાં ત્રણે આરોપીને પોલીસે ઝડપી

...અનુસંધાન પાના 9 પર

પ્રતિ કિલો ₹.100ના વધારા સાથે સુરતમાં પોંકનું આગમન

ગયા વર્ષે ભાવ 600થી 700 હતો, જે આ વર્ષે 700થી 800 રૂપિયા છે



સુરતઃ સુરતમાં છેલ્લા ચાર દિવસથી ઠંડીના ચમકારાની શરૂઆત થતાં જ સુરતીઓની શિયાળાની મોજ માણવાની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. સુરતની આગવી ખાણીપીણીની ઓળખ એવા આંધળી વાણીની જુવારના સુરતી પોંકનું આગમન થયું છે. પોંકનગરીમાં પોંકની ભઠ્ઠીઓ અને વેચાણના સ્ટોલ ધમધમવા લાગ્યા છે, તો બીજી તરફ ઠંડીની રાહ જોઈ રહેલા તિબેટીયન બજારમાં પણ ગરમ કપડાંની ખરીદીનો માહોલ જામ્યો છે.

સામાન્ય રીતે નવેમ્બરના પ્રથમ સપ્તાહથી પોંકની મોસમ પૂરજોશમાં શરૂ થઈ જતી હોય છે, પરંતુ આ વર્ષે અનિયમિત વરસાદ અને ઠંડીના મોડા આગમનને કારણે પોંકની આવકમાં વિલંબ થયો છે. આંધળી વાણીની જુવારમાંથી તૈયાર થતા પોંકના દાણા હાલ અપેક્ષા મુજબ કુમળા અને મીઠા નથી. પૂરતી ઠંડી અને ઝાકળનો અભાવ તેની ગુણવત્તા પર અસર કરી રહ્યો છે. તેમ છતાં સુરતીઓમાં પોંકનો ચટાકો યથાવત હોવાથી ભાવ હાલમાં રૂ.700થી 800 પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે. જે ગયા વર્ષે 600થી 700 રૂપિયા પ્રતિ કિલો હતો.

પોંકના વેચાણ સાથે સંકળાયેલા વિક્રેતાઓના જણાવ્યા મુજબ, આ વર્ષે વરસાદ એકસાથે ભારે પ્રમાણમાં પડ્યો હતો, પરંતુ પાકને અનુકૂળ એવો પાછળનો વરસાદ થયો નથી. વાતાવરણમાં ફેરફાર અને પ્રદૂષણની અસર પણ જુવારના પાક પર જોવા મળી રહી છે. હાલમાં દાણા થોડા કડક અને મીઠાશમાં ઓછા છે. આગામી દિવસોમાં ઠંડી અને ઝાકળનું પ્રમાણ વધશે તો પોંકના સ્વાદ અને ગુણવત્તામાં સુધારો થવાની આશા છે.

બીજી તરફ, એક સમયે સુરતની ઓળખ ગણાતી પોંકની મોનોપોલી પણ હવે તૂટી રહી છે. બારડોલી, નવસારી, હાંસોટ અને કરજણ હાઈવે પર પોંકના સ્ટોલ વધી રહ્યા છે. પ્રમાણમાં સસ્તો અને કુમળો પોંક મેળવવા સુરતીઓ પરિવાર અને મિત્રો સાથે વીકએન્ડમાં લોંગ ડ્રાઈવ કરીને આ વિસ્તારોમાં પહોંચી રહ્યા છે. જોકે, પોંક સાથે ખાવાની સુરતી સેવ અને અન્ય ચીજવસ્તુઓ સુરતથી જ લઈ જવાનું સુરતીઓ ભૂલતા નથી.

હાઈએસ્ટ ઠંડીના એક દિવસ પછી તાપમાનમાં બે ડિગ્રીનો વધારો

લઘુત્તમ તાપમાન 17.4 ડિગ્રી નોંધાયું

ઉત્તર-પશ્ચિમના પવનો વચ્ચે વહેલી સવારની ઠંડકનો અનુભવ

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા બે દિવસથી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાનનો પારો ગગડીને 16 ડિગ્રી સુધી પહોંચી જતાં શહેરમાં શિયાળાના આગમનનો અહેસાસ થયો હતો. જોકે આજે મહત્તમ અને લઘુત્તમ બંને તાપમાનમાં વધારો નોંધાયો હોવા છતાં ઠંડકની અસર યથાવત રહી હતી. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે.

સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાન ફરી બે ડિગ્રી વધીને 34.3 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાનમાં પણ એક ડિગ્રીનો વધારો

...અનુસંધાન પાના 9 પર

સુરત સાયબર ક્રાઈમનું ઈન્દોરમાં મોટું ઓપરેશન

બ્રોકિંગ ઓફિસની આડમાં ધમધમતાં બોગસ કોલ સેન્ટરમાંથી પ ટેલિકોલર સકંજામાં

અડાજણના આસિસ્ટન્ટ ડાઈંગ માસ્ટર પાસે ૩.૧૪.૪૭ લાખ ખંખેર્યા હતા

સુરતઃ અડાજણ વિસ્તારમાં રહેતા એક મિલ કર્મચારીને શેરબજારમાં તગડો નફો કમાવી આપવાનાં સપનાં બતાવીને રૂ.૧૪.૪૭ લાખની ઓનલાઈન છેતરપિંડી આચરવાના કેસમાં સુરત સાયબર ક્રાઈમ પોલીસે મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે દરોડો પાડીને મોટી સફળતા મેળવી છે. સ્થાનિક પોલીસના સહયોગથી 'એન્જલ વન' નામની બ્રોકિંગ

...અનુસંધાન પાના 9 પર

૧૯મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. મણીબેન રાણછોડજી ચાહવાલા (સ્વ.23-11-2007)
શ્રીમતી એમ. આર. સી. હાઈસ્કૂલ, દિહેણ
મુ.પો. દિહેણ, તા. ઓલપાડ, જિ. સુરત (સ્થાપના વર્ષ 1959)
ઓગણીસ પાનખર અને ઓગણીસ વસંત જોઈ,
છતાં તમારી ખોટ ક્યારેય પૂરાઈ નથી,
શબ્દો ભલે શાંત થઈ ગયા હોય આજે,
પણ તમારા પ્રેમની છાયા ક્યારેય ભૂલાઈ નથી.
પુરુષાર્થ કરી શૂન્યમાંથી શાળાનું સર્જન કર્યું. કષ્ટ સહન કરી કુટુંબ અને શાળા પરિવાર માટે સંસ્કારના ફૂલો પાથરી ગયા. જેમના આશીર્વાદથી કુટુંબ અને શાળા પરિવારનું જીવન મહેકતું હતું. એવા અમારા સૌના મણીકાકી અમોને છોડીને ગયાને વર્ષો વીતી ગયા પણ આપની યાદો ક્યારેય જૂની થતી નથી. સમય વહી જતી સરિતામાં આપ પળેપળે તમારું સ્મરણ થયા કરે છે. આપનું સરળ જીવન અને પ્રેમાળ લાગણીશીલ સ્વભાવ અમોને અને શાળા પરિવારને હંમેશા પ્રેરણા અને માર્ગદર્શન આપતાં રહેશે. આપની યાદો અમારા સૌના જીવનનો અમૂલ્ય હિસ્સો બની રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ સ્થાનિક કેળવણી મંડળ તેમજ સમગ્ર શાળા પરિવાર તથા પરિવારજનોની હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ.
લિ. ગં. સ્વ. લક્ષ્મીબેન શાંતિલાલ ચાહવાલા તેમજ સમગ્ર ચાહવાલા પરિવાર મુ. પો. દિહેણ, તા. ઓલપાડ, જિ. સુરત
લિ. પ્રતિક્ષાબેન આર. પટેલ આચાર્યાશ્રી, શ્રીમતી એમ. આર. સી. હાઈસ્કૂલ, દિહેણ સમગ્ર શાળા પરિવાર
લિ. સંજયભાઈ શાંતિલાલ ચાહવાલા પ્રમુખશ્રી, સ્થાનિક કેળવણી મંડળ, દિહેણ તથા કારોબારી સભ્યશ્રીઓ

૧૭મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ઈશ્વરભાઈ સી. પટેલ
સ્વ.તા. ૨૩/૧૧/૨૦૦૯
કેટલું નહી પણ કેવું જીવ્યા, કરી મહેનત શૂન્યમાંથી સર્જન કર્યું,
પ્રેમ અને કર્મથી સૌના મન જીતી લીધા, હસીને હસાવનાર અમને રડાવી ગયા, ભક્તિ ભાવમાં કુટુંબ તારી ગયા, મન હજુ માનતુ નથી આપ અમારી સાથે નથી. પ્રભુ આપના આત્માને પરમ શાંતિ તથા મોક્ષ આપે તેવી પ્રભુ ચરણે પ્રાર્થના
ગં.સ્વ. શાંતિબેન આઈ. પટેલ
પરિમલ આઈ. પટેલ નિશીથ આઈ. પટેલ
શાંતિનિકેતન વિદ્યાવિહાર શાળા પરિવાર, રાંદેર રોડ, જ્ઞાનદીપ વિદ્યાલય શાળા પરિવાર, પરવટ પાટીયા, નવજાગૃતિ વિદ્યાવિહાર શાળા પરિવાર, હજીરા

હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. નરેશભાઈ રતીલાલ પટેલ
સ્વ.તા: ૨૦-૧૧-૨૦૨૬
દરિયા જેવું નિખાલસ હૃદય, હિમાલય જેવું પવિત્ર હાસ્ય,
સર્વપ્રત્યે અતુટ લાગણી સાથેનો આપનો આનંદી અને માયાળુ સ્વભાવ,
વ્યવહાર, કુશળતા, સંસ્કાર અને સ્નેહભાવનાની સુવાસ કદી ભુલાશે નહીં,
લિ.
સ્વ. રતીલાલ બાલુભાઈ પટેલ(પિતા)
ગં.સ્વ. ચંપાબેન રતીલાલ પટેલ (માતા)
ગં.સ્વ. અંકિતાબેન નરેશભાઈ પટેલ(પત્ની)
હેમંતભાઈ રતીલાલ પટેલ (ભાઈ)
ભવ્ય નરેશભાઈ પટેલ(પુત્ર)
જશ નરેશભાઈ પટેલ(પુત્ર)
ખુશી માર્ક પટેલ(પુત્રી)
માર્ક ચંદ્રકાંતભાઈ પટેલ(જમાઈ)
તથા સમસ્ત મયવાવાળા પરિવાર
સ્થળ : રૂંઢ-મગદલ્લા, પાદર સ્ટ્રીટ, સુરત.

હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. નરેશભાઈ રતીલાલ પટેલ
સ્વ.તા: ૨૦-૧૧-૨૦૨૬
આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,
સ્મરણ તમારૂ થાય છે અમને, મન મુકીને રડાવે અમને,
શ્રધ્ધાંજલિ અર્પવા ઉપાડી કલમ, આંસુથી ભીજાય ગયા કાગળ.
પરમ કૃપાળુ પરમાત્મા તમારા આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
ૐ શાંતિ...ૐ શાંતિ....ૐ શાંતિ
લિ.
સ્વ. બાબુભાઈ શાંતિલાલ પટેલ | સ્વ. શાંતિબેન બાબુભાઈ પટેલ
ઈશ્વરભાઈ શાંતિલાલ પટેલ | લક્ષ્મીબેન ઈશ્વરભાઈ પટેલ
જગદીશભાઈ શાંતિલાલ પટેલ | હર્ષાબેન જગદીશભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
સ્થળ : ૧૦૧,બોડા સ્ટ્રીટ, મગદલ્લા, સુરત.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹૪૫૦૦/- | અંદરના પાને ₹૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. શ્રી જગદીશભાઈ ભીખુભાઈ ચોક્સી
સ્વ.તા. ૨૨-૧૧-૨૦૨૬
હૃદયના ઘા કદિ રૂઝાશે નહીં, મૃત્યુના આસુ કદિ સુકાશે નહી,
તમારી આ ઓચીતી વિદાય કદી ભુલાશે નહી,
પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે
એવી હૃદય પૂર્વક અમારા સૌની પ્રભુ પ્રાર્થના.
શોકાતુર
શેઠ નેમચંદ નાથાભાઈ જૈન જિનાલય અને શ્રીમતિ રૂક્ષ્મણી દલીચંદ વીરચંદ ઓફ શ્વેતાંબર મૂર્તિપુજક જૈન ધર્મશાળા
શ્રી સુરત જિલ્લા જૈન વિશા પોરવાડ રૂવાઈ જ્ઞાતિ ટ્રસ્ટ
શ્રી દલીચંદ વીરચંદ ઓફ જૈન વિદ્યાલય
જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી

વ્હાલી ભાણજીને શ્રદ્ધાંજલિ



સ્વ. સારીકાબેન રમેશભાઈ પટેલ
જ.તા. ૨૨/૦૪/૧૯૮૭
સ્વ.તા. ૨૧/૧૧/૨૦૨૬
જીવન નશ્વર છે, આત્મા અમર છે, કોણ ક્યારે વિદાય લેશે એ કહેવું મુશ્કેલ છે, જીવન અને મૃત્યુ એ કુદરતનો ક્રમ છે, છતાંય તમારી વિદાય ગમગીન છે.
પ્રભુ આપના દિવ્ય આત્માનેચિર શાંતિ આર્પ એ જ પ્રાર્થના.
લિ.
સ્વ. છીમાભાઈ રવજીભાઈ ગજ્જર
જયંતીભાઈ છીમાભાઈ ગજ્જર (મામા)
નરેન્દ્રભાઈ છીમાભાઈ ગજ્જર (મામા)
મહેશભાઈ છીમાભાઈ ગજ્જર (મામા)
ચિરાગભાઈ નરેન્દ્રભાઈ ગજ્જર (ભાઈ)
જીલભાઈ જયંતીભાઈ ગજ્જર (ભાઈ)
ગં.સ્વ. પ્રેમીબેન છીમાભાઈ ગજ્જર
હસુમતીબેન જયંતીભાઈ ગજ્જર (મામી)
ભાવનાબેન નરેન્દ્રભાઈ ગજ્જર (મામી)
સંગીતાબેન મહેશભાઈ ગજ્જર (મામી)
માર્ગીનાબેન ચિરાગભાઈ ગજ્જર (ભાભી)
ધ્રુવકુમાર મહેશભાઈ ગજ્જર (ભાઈ)
હેયાકુમારી ચિરાગભાઈ ગજ્જર
ગજ્જર નિવાસ, ગાંધી ફળીયું, ભીમરાડ ગામ, સુરત સીટી

શ્રદ્ધાંજલિ



સ્વ. જશવંતભાઈ દલપતભાઈ પટેલ
જન્મ તા. ૦૧-૦૭-૧૯૪૫
સ્વ. તા. ૨૦/૧૧/૨૦૨૬
કારતક સુદ એકાદશી ને શુક્રવાર
આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી, જે નાશ પામે છે તે શરીર છે, આત્મા આજીવન શાશ્વત અને અમર છે. ઈશ્વર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લિ.
ભુપેન્દ્રભાઈ જશવંતભાઈ પટેલ (પુત્ર)
વાસંતીબેન ભુપેન્દ્રભાઈ પટેલ (પુત્રવધુ)
હેમીના ધવલભાઈ પટેલ (પૌત્રી)
યેભવી મયંકભાઈ પટેલ (પૌત્રી)
નેહા શીવ હાથીવાલા (પૌત્રી)
જય ભુપેન્દ્રભાઈ પટેલ (પૌત્ર)
ભાવનાબેન પ્રવીણભાઈ પટેલ (પુત્રી)
પ્રવીણાબેન જયેશભાઈ પટેલ (પુત્રી)
મનીષાબેન ભુપતભાઈ પટેલ (પુત્રી)
મિલન, હેતલ, સની, કલ્યાણી, લિસા, જેનીલ, પૂર્વ, દ્વિસ્યા
ગામ વડદલા તા. પલસાણા જી. સુરત

॥ શ્રદ્ધાંજલિ ॥



સ્વ.નરેશભાઈ રતિલાલ પટેલ
સ્વ.તા.૨૦/૧૧/૨૦૨૬ શુક્રવાર
રડી પડે છે આંખો અમારી, જોઈ તસ્વીર તમારી, દિલ હજુ માનવા તૈયાર નથી કે તમે અમારા વચ્ચે નથી. તમારી અણધારી વિદાય સૌનું કાળજુ કંપાવી ગઈ. જેમનું નામ સતત ગુંજ્યા કરે અને ફુલ બની આસપાસ મહેકયા કરે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
રજનીકાંત બાલુભાઈ પટેલ | બિંદિયા રજનીકાંત પટેલ
અદિતિ રજનીકાંત પટેલ | ધ્યાન રજનીકાંત પટેલ
ધર્મેશભાઈ બાલુભાઈ પટેલ | મનીષાબેન ધર્મેશભાઈ પટેલ
રિયા ધર્મેશભાઈ પટેલ | વિધા ધર્મેશભાઈ પટેલ



સ્વ. નરેશભાઈ રતીલાલ પટેલ
સ્વ.તા: ૨૦-૧૧-૨૦૨૬
હાર્દિક શ્રધ્ધાંજલિ
તમારૂં જીવન અમારી વચ્ચે નથી રહ્યું પરંતુ તમારી સ્મૃતિ હર હંમેશા અમારા હૈયે કોતરાયેલી રહેશે. અમોને આજીવન આપની ખોટ અનુભવાશે, જ્યાં સુધી જીવીશું ત્યાં સુધી હર પળે તમને યાદ કરતા રહીશું,
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
લિ.
સ્વ. અરવિંદભાઈ ઈશ્વરભાઈ પટેલ
ગં.સ્વ. ચંચળબેન અરવિંદભાઈ પટેલ
રીતેશભાઈ અરવિંદભાઈ પટેલ
રિંકુબેન રીતેશભાઈ પટેલ
વેદ, માન્યા તથા સમસ્ત પરિવાર
સ્થળ : ખેડવાયા સ્ટ્રીટ, નવા મગદલ્લા, સુરત